R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 30 DATE: 28-07-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## કોગ્રેસ કારોબારીએ વિપક્ષોને ૨૦૧૯માં રાહુલનું નેતૃત્વ અને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સ્વીકારવાની વાત કરી

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોગ્રેસ વર્કીંગ કમિટીની બેઠકમાં ભારતની ગ્રાન્ડ ઓલ પાર્ટીએ ૨૦૧૯ની ચુંટણીના વ્યુહ પર ચર્ચા કરી હતી.કોગ્રેસે લોકસભામાં ૩૦૦ બેઠકો પર જીતની રણનીતિ બનાવી છે.બેઠકમાં એનડીએની સામે વ્યુહાત્મક ગઠબંધનની વાત કરાઇ હતી.અને તેનું નેતૃત્વ રાહુલ ગાંધીને સોપવાની નેતાઓએ શરત મુકી હતી.ગઠબંધનનું કેન્દ્રબિંદુ કોગ્રેસ જ હોવી જોઇએ તેવી પણ માંગણી કરાઇ હતી.ગઠબંધન અંગે તમામ નિર્ણય લેવાની સત્તા રાહુલ ગાંધીને અપાઇ હતી.

સુત્રોનું કહેવું છે કે પુર્વ નાણાં મંત્રી અને કોગ્રેસના નેતા પી.ચિદમ્બરમે ૨૦૧૯ની ચુંટણી રણનીતિ માટે એક દરખાસ્ત કરી હતી.ચિંદમ્બરમે કહ્યુ કે ૧૨ રાજ્યોમાં કોગ્રેસ મજબુત છે અને જો પાર્ટી પોતાની ક્ષમતામાં ત્રણ ગણો વધારો કરી શકે તો ૧૫૦ બેઠકો જીતી જાય તેમ છે.આ ઉપરાંત અન્ય રાજ્યોમાં ગઠબંધનની મદદથી કોગ્રેસ ૧૫૦ બેઠકો મેળવી શકે છે. આમ પી. ચિદમ્બરમે ૩૦૦ બેઠકો પર જીતની ફોર્મ્યુલા આપી હતી.

કોગ્રેસના સચિન પાયલટ,શક્તિસિંહ ગોહિલ, રમેશ ચેન્નીથલાએ બેઠકમાં કહ્યુ હતું કે આ ગઠબંધનના કેન્દ્રમાં કોગ્રેસ જોઇએ અને રાહુલ ગાંધીને જ તેનો ચહેરો બનાવવો જોઇએ.રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં કોગ્રેસ વર્કિંગ કમિટીની પ્રથમ બેઠક યોજાઇ હતી.બેઠકમાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી,પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપરાંત અલગ અલગ રાજ્યોમાથી આવેલા ૩૫ વક્તાઓએ તેમની વાત રજુ કરી હતી.રાહુલ ગાંધીએ પાર્ટીના નેતાઓ કોઇ ખોટા નિવેદનો આપે છે તેમની સામે કાર્યવાહી કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો હતો.

આ પ્રસંગે ચેર પર્સન સોનિયા ગાંધીએ મોદી સરકારની પડતીની શરુઆત થઇ ગઇ છે તેમ જણાવ્યુ હતું.ભાજપ પર ગરીબો અને દલિતોની સતાવણી કરવાનો આક્ષેપ મુકતાં રાહુલે કોગ્રેસ કાર્યકર્તાઓને તેમના માટે લડવાનું આહ્વન કર્યુ હતું.



પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે દેશની હાલની આર્થિક સ્થિતિ, ખેડુતોની હાલત અંગે વડાપ્રધાન મોદીની આકરી ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે આત્મશ્લાધા અનો જુમલેબાજી મામલે પણ પીએમને નિશાન બનાવ્યા હતા.અને કહ્યુ હતું કે માત્ર જુમલાથી જ ખેડુતોની આવક બમણી થતી નથી.જુમલાઓ સરકારી નીતિનો વિકલ્પ બની શકે નહીં.૨૦૧૧ સુધી ખેડુતોની આવક બેગણી કરવાના દાવા માટે કૃષિ ક્ષેત્રે વાર્ષિક ૧૪ ટકા વિકાસ દર જોઇએ જે હાલમાં જોજનો દુર છે.

## અલવરમાં ગાય ચોરીની શંકાએ ગૌરક્ષકોએ યુવાનની હત્યા કરી નાંખી

રાજસ્થાનના અલવરમાં ફરીએક વાર ગાય ચોરીની શંકાથી એક મુસ્લીમ યુવાનની હત્યા કરી દેવાઈ હતી.ગાય ચોરીની શંકાને આધારે ગૌરક્ષકોના ટોળાએ મુસ્લીમ યુવાનની મારપીટ કરીને હત્યા કરી દેવાઇ તેના કારણે ખળભળાટ મચી ગયો હતો.મૃતક અકબર બે ગાય લઈને જઇ રહ્યો હતો ત્યારે કેટલાંક લોકોએ ગાયની ચોરીનો આરોપ લગાવીને તેની સાથે મારપીટ કરવાનુ શરુ કર્યું હતુ.તેને એટલો બધો માર મરાયો હતો કે છેવટે તેનું મોત નિપજ્યું હતું.મૃતક હરિયાણાના કોલગાંવનો રહેવાસી હતો. ઉલ્લેખનીય છે કે અલવરમાં જ એક વર્ષ અગાઉ પહેલુખાન નામના એક શખ્સની આ જ રીતે મારપીટ કરીને હત્યા કરી દેવાઈ હતી.આ ઘટના અલવર જિલ્લાના રામગઢ વિસ્તારના ગામ લલ્લાવંડીની છે. જ્યાં સ્થાનિક લોકોએ ગાયની ચોરીનો આરોપ મુકીને અકબર સાથે મારપીટ કરવાનું શરુ કર્યુ હતું. પોલીસે આ ઘટનામાં બે લોકોની ધરપકડ કરી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ આ ઘટનાની નિંદા કરી હતી. અને દોષિતો સામે શક્ય એવી તમામ કડક કાર્યવાહી કરવામાં આવશે એમ કહ્યુ હતું. જો કે વિપક્ષોનો વિરોધ શાંત થયો નથી અને કહ્યુ હતું કે રાજ્યના મુખ્યમંત્રીએ આવી ઘટનાઓ રોકવા માટે કોઇ પગલાં લીધા નથી.

પોલીસના કહેવા પ્રમાણે મૃતક ગાયની ચોરી કરનાર હતો કે નહીં એ સ્પષ્ટ થયું નથી.અકબરના પિતાએ ન્યાયની માંગણી કરી છે. કોગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અશોક ગેહલોતે આ ઘટનાને ભયાનક ગણાવી હતી.અને કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટની ચેતવણી અને સુચનાઓ પછી પણ ટોળાં દ્વારા હિંસાની ઘટનાઓ બંધ થતી નથી.પોલીસ પર હાલ બધો દોષ મુકવામાં આવ્યો છે.જેથી સરકારને ગૌરક્ષકોના નામે બદનામ થતી અટકાવી શકાય.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## એચ૧-બી વિઝાની અરજી અરજદારને ચેતવણી આપ્યા વગર રદ થઇ જશે

ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કામદારો અમેરિકામાં નવા વિઝા માટે કે વિઝાની મુદત વધારવા અરજી કરશે ત્યારે અરજી નામંજુર થવાની સંભાવનાઓ ધીરે ધીરે વધતી જાય છે.અમેરિકી સીટીઝનશીપ અને ઈમીગ્રેશન સેવાઓને તાજેતરમાં તેના નિયમોમાં સુધારા જાહેર કર્યા છે.ટેક ઉદ્યોગમાં રોજગારી મેળવવા આવતી અરજી માટેના નિયમ ખુબજ કડક બની ગયા છે.૧૧ સપ્ટે.થી અમલી બનનારી નવી નીતિ હેઠળ અરજીઓમાં ક્ષતિ હશે કે અધુરી હશે તો એજન્ટસ અરજદારને અરજી સુધારવામાં નહીં આવે તો રદ કરવામાં આવશે તેવી ચેતવણી આપ્યા વિના પોતે જ અરજીને નકારી શકશે.

માઈગ્રેશન પોલીસી ઈન્સ્ટીટ્યુટના પોલીસી નીતિ વિષયક સમીક્ષક સરાહ પિઅર્સે જણાવ્યુ હતું કે અરજદારને સંખ્યાબંધ ટેકારુપ પુરાવા રજુ કરવાના રહે છે.તેમને આ નિયમ વિપરીતપણે પ્રભાવિત કરી શકે છે.એચ-૧બી વિઝાધારક કર્મચારીને ખાસ કરીને ટેકનોલોજી,વિજ્ઞાન અને મેડીસીન ઉદ્યોગમાં રોજગારી મળતી હોય છે.આવા અરજદારોને કાર્ય માટે યોગ્યતાના પુરાવા રજુ કરવા કહેવામાં આવે છે.બસ। પુરાવા રજુ કરવામાં જરાપણ ક્ષતિ થાય તો અરજદારનું ભાવિ ધુંધળું થઈ જાય છે.

## મરાઠા આંદોલનમાં દેશની આર્થિક રાજધાની અસહાય બનતાં બંધ પાછો ખેચાયો

મરાઠા ક્રાંતિ મોરચા દ્વારા આપવામાં આવેલા મુંબઈ, થાણે,નવી મુંબઈ,પાલઘર અને રાયગઢ બંધના એલાનને પગલે ઘણા સ્થળોએ ટોળા દ્વારા હિસા,આગચંપી,પથ્થરમારો કરવામાં આવ્યો હતો.અનામતની આગમાં દેશની આર્થિક રાજધાની મુંબઈ અસહાય બની ગઈ હતી.થાણે અને કલમબોલીમાં ટોળાઓ દ્વારા હિંસા આચરવાની શરુઆત થતાં મરાઠા ક્રાંતિ મોરચાના સમન્યકોએ બપોરે બંધ પાછો ખેચવાની જાહેરાત કરી હતી.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે આખો દિવસ હિંસક આંદોલન ચાલ્યા બાદ સરકાર મરાઠા નેતાઓ સાથે વાતચીત કરવા તૈયાર છે તેમ જણાવ્યુ હતું.કન્નડના શિવસેનાના વિધાનસભ્ય હર્ષવર્ધન જાદવ અને રાષ્ટ્રવાદી કોગ્રેસ પાર્ટીના વૈજાપુરના વિધાનસભ્ય ભાઉસાહેબ પાટીલે મરાઠાઓને અનામત આપવાની માંગણીના ટેકામાં રાજીનામું આપ્યુ હતું.

## પાટીદાર આંદોલનના ત્રણ નેતાઓને જેલવાસની સજા કોર્ટે ફરમાવી

પાટીદાર અનામત આંદોલન સમયે વિસનગરમાં તોડફોડના કેસમાં વિસનગરની કોર્ટે પાસના નેતા હાર્દિક પટેલ,લાલજી પટેલ સહિત ત્રણને બે વર્ષની સાદી સજા અને ૫૦ હજારનો દંડ ફટકારતાં ચકચાર મચી જવા પામી હતી.આ જે કેસમાં અન્ય ૧૪ આરોપીઓને નિર્દોષ છોડ્યા હતા. જો કે ચુકાદા બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને પંદર પંદર હજારના જામીન પર મુક્ત કર્યા હતા.અને હાઈકોર્ટમાં અપીલ કરવા માટે એક મહિનાનો સમય આપ્યો હતો.

સજાના હુકમ બાદ હાર્દિક પટેલે યોજેલી પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતું કે કોર્ટના ચુકાદાનો હું આદર કરુ છું પરંતુ આ ચુકાદા સામે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જઈશ.સરકાર મારી પર કેસ કરીને મને લોકસભાની ચુંટણી લડવા દેવા માંગતી નથી. જો કે હું ચુંટણી લડવા માટે આ કરતો નથી.પણ મોકો મળશે તો હું ચુંટણી લડીશ.હરેન પંડ્યાની કારકીર્દી ખતમ કરનારા લોકો સામે હું લડીશ.અમે પાટીદાર સમાજ માટે અનામત માંગી રહ્યા છીએ કોઈ ભીખ નહીં.હાર્દિકે કહ્યુ હતું કે ૨૯મી તાલુકે તાલુકે મીટીંગ કરીશું.અમદાવાદમાં ઉપવાસ માટે મંજુરી માંગી છે.મંજુરી નહીં મળે તો પણ ઉપવાસ કરાશે.ભાજપાના નેતાઓ પાસના કાર્યકરો સામેના કેસો પાછા ખેચાઈ જશે તેવા તેમના દાવાઓ ખોટા પડ્યા છે.તેમણે અમોને છેતર્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દેશની સર્વોચ્ચ અદાલતે એટલે કે સુપ્રીમ કોર્ટે સરકારને 'મોબ લીચીંગ'રોકવા પ્રભાવશાળી કાયદા બનાવવા અને અપરાધીઓને કડક સજા આપવાના નિર્દેશો કર્યા છે.મોબ લીચીંગનું સૌથી મોટુ ઉદાહરણ સમય-સમય પર દેશમાં થતાં કોમી રમખાણો છે.જેમાં એક ધર્મને માનનારાઓની ભીડ બીજા ધર્મને માનનારી કોઈ વ્યક્તિને ઘેરી લઈને ભયંકર હુમલો કરે છે તેને ખરાબ રીતે ઘાયલ કરે છે કે તેને મારી નાંખે છે.આપણા દેશમાં આના અનેક ઉદાહરણો છે. ગુજરાતમાં ૨૦૦૨માં થયેલા કોમી રમખાણો એક પ્રકારના મોબ લીચીંગ હતા.એજરીતે ૧૯૮૪માં દિલ્હીમાં થયેલા શીખ વિરોધી હિંસક તોફાનો પણ મોબ લીચીંગની પરાકાષ્ટા સમાન હતા.

મોબ લીચીંગ નો એરુ ભાજપ સાથે સહાનુભુતિ રાખનારા હિંસક યુવાનોને આભડી ગયો અને ગૌરક્ષાને નામે, ક્યારેક મંદિરના નામે તો ક્યારેક દેશભક્તિના નામે,ક્યારે પોતાના રાજકીય પ્રતિસ્પર્ધીઓ સામે વેરવસુલાત, કે પછી કટ્ટર ધર્માંધતાને કારણે લઘુમતીઓને તેના સ્થાનો પરથી હટાવી દેવા તેમની મિલ્કતોનો નાશ કરવો, કે તેમની હિંસા આચરવી છેલ્લા ચાર વર્ષમાં તેની પરાકાષ્ટા આવી ગઈ છે. સુપ્રીમ કોર્ટે જ્યારે આ મામલાની ગંભીરતા સમજાઈ ત્યારે તેમણે સરકારને આ બાબતે કડક કાનુન બનાવીને અપરાધીઓને સજા કરવા માટેની જોગવાઈ કરવા કહ્યુ છે.દેશના વિજાણુ માધ્યમો કે પ્રિન્ટ મીડીયા આ બાબતે ખામોશ બની ગયા છે.તેનું કારણ એ છે કે મોબ લીચીંગમાં સત્તાધારી પક્ષની પણ સંડોવણી દેખાય છે.ગૌરક્ષકો કે પછી હિદુત્વના નામે કેટલાક તત્વો જે કામગીરી કરે છે તેમાં સત્તાધારી પક્ષના આર્શીવાદ ભળેલા હોય છે.

એવી એક માન્યતા હતી કે ટોળામાં કરાયેલ અપરાધને કાયદાની કોર્ટમાં સાબિત કરવો અઘરો હોવાથી કોઈ ગુનેગારને નશ્યત થતી નહોતી અને જ્યારે તેમાં સત્તાધારી પક્ષના જ કાર્યકરો હોય ત્યારે પોલીસને ગુનો સાબિત કરવામાં રસ હોતો નથી. દબાણને વશ થઈને શકમંદોને છોડી મુકવા સિવાય કાયદામાં પોલીસ કોઈ કાર્ય કરતી નથી.પરિણામે આવા અપરાધોની સંખ્યા એકદમ વધી ગઈ.આ સ્થિતિમાં ન્યાયપાલિકા,રાજકીય પક્ષો અને સામાજિક કાર્યકર્તાઓની સામે પડકારો વધી જાય છે.જો નાની વાતે બેકાબુ ભીડ પોતાના હરીફો શત્રુઓ પર આ જ રીતે હિંસક હુમલા કરશે અને પોલીસ તમાશો જોતા રહેશે તો સામાજીક અવ્યવસ્થા ઉભી થશે.આ બાબત માટે સામુહિક રાજકીય ઈચ્છાશક્તિની જરુર છે.નહીતર લોકશાહી અને સામાન્ય સામાજિક જીવન પણ ખતરામાં પડી જશે.છેલ્લા ચાર વર્ષોમાં જ્યારથી ભાજપ સત્તાસ્થાને આવી ત્યારથી તેમની સહયોગી પાંખોના કાર્યકરોએ મોબ લીચીંગ દ્વારા દેશમાં ભયનું વાતાવરણ સર્જી દીધું છે.

## મંતવ્ય

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની ટીકા કરતાં તેના સાથી પક્ષ શિવસેનાએ કહ્યુ હતું કે દેશમાં શાસન કરનારા કસાઈઓ છે.જેઓ જાનવરોને બચાવે છે પરંતુ માણસોને મારી નાંખે છે.પોતાના મુખપત્ર સામનામાં સેનાએ જે મેન્ડેટથી મોદી સરકાર સત્તા પર આવી તેની સામે શંકા વ્યક્ત કરી હતી.તેઓ આક્ષેપ હતો કે ચુંટણીઓ પૈસા,સત્તાના દુરપયોગ અને ઈવીએમ સાથે ચેડાથી જીતાઈ હતી.

એનડીએ સરકારમાં સાથી પક્ષ તરીકે શિવસેનાએ જ્યારે આ સત્ય ઉજાગર કર્યું ત્યારે દેશની જનતાએ જાણી લેવું જોઈએ કે ભાજપે ચુંટણીમાં કેવી રીતો અખત્યાર કરી હતી. જેને તેમના જ સાથી શિવસેનાએ જાહેર કરી છે.ઈવીએમ મશીનો સાથે ચેડા કરવાની વાતમાં હવે તથ્ય દેખાવા માંડ્યુ છે.મશીનોમાં ગરબડ કરીને તેઓ કેટલીક ચુંટણીઓ જીતી ગયા છે.અને સિફતથી કાર્યવાહી કરીને દેશમાં તેમણે ભારે અફરાતફરીનો માહોલનું સર્જન કર્યુ છે.દેશની પ્રજાએ જાગવાની જરુર છે.

અનિલ કે પરમાર


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# દુધ ઉત્પાદક ખેડુતોના સમર્થનમાં શિવસેના આગળ આવી



મહારાષ્ટ્રમાં દુધ ઉત્પાદક ખેડુતોના ચાલી રહેલા આંદોલનના સમર્થનમાં આગળ આવી શિવસેનાએ એ વાત જાણવા ઈચ્છી હતી કે સરકાર બુલેટ ટ્રેન પાછળ અબજો રુપીયા ખર્ચી શકે છે તો પછી દુધના પ્રાપ્તિભાવ કેમ વધારી ન શકે.

દુધના પ્રાપ્તિ ભાવમાં એક લીટરે પાંચ રુપીયા વધારાની માંગણી સાથે રાજ્યમાં ખેડુતોના સંગઠને આંદોલન શરુ કર્યું છે.શરુ થયેલા આ આંદોલનના એક ભાગ રુપે દેખાવકારો દ્વારા મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં દુધના ટેન્કર્સને આંતરવામાં આવ્યા હતા.

ખેડુતોના નેતા રાજુ શેટ્ટી દ્વાર આંદોલન શરુ કરવામાં આવ્યુ હોવાને કારણે તેની ઉપેક્ષા કરી ન શકાય. ખેડુતો કોઈ એક ચોક્કસ ધર્મ કે જાતિના કે કોઈ રાજકીય પક્ષના નથી.રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં ૩૦૦૦ ખેડુતોએ જીવ ગુમાવ્યા છે.અને તેમણે વડાપ્રધાન મોદીને મત આપ્યો છે.એમ શિવસેનાએ જણાવ્યુ હતું.

પોતાની માંગણીઓ ઉપર દબાણ લાવવા ગયા ખેડુતોએ ગયા વર્ષે કરેલા આંદોલને સરકારને નાલેશી આપી હતી.હાલમાં દુધ ઉત્પાદક ખેડુતોના ચાલી રહેલા આંદોલનને ડામી દેવાને બદલે તેમને કઈ રીતે રાહત આપવી જોઈએ તે વિશે વિચારવું જોઈએ,એમ શિવસેનાએ પોતના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં જણાવ્યુ હતું.

ઉદ્દવ ઠાકરેના નેતૃત્વ હેઠળના પક્ષે આક્ષેપ કર્યો હતો કે સરકાર એક બાજુ આંદોલન તોડવાનો પ્રયાસ કરશે અને બીજી બાજુ જય કિસાનનો સુત્રોચ્ચાર કરશે.સરકારે એક લીટર દુધનો ભાવ રુ.૨૭ નક્કી કર્યો છે.પરંતુ હાલમાં દુધની ખરીદી એક લિટરે રુ. ૧૬ થી ૧૮ આપવામાં આવે છે.એમ શિવસેનાએ જણાવ્યુ હતું.ગોવા અને કર્ણાટકની સરકારોએ દુધ ઉત્પાદક ખેડુતોને એક લિટરે પાંચ રુપીયાની સબસીડી આપવાની જાહેરાત કરીછે. હવે મહારાષ્ટમાં પણ ખેડુતો આ જ પ્રકારની રાહત ઈચ્છે છે.તો તેમાં ખોટું શું છે? બુલેટ ટ્રેન, સમૃધ્ધિ કોરિડોર અને મેટ્રો રેલ પ્રોજેક્ટ પાછળ સરકાર અબજો રુપીયા ખર્ચી રહી છે.

# નોટબંધીને કારણે દેશના જીડીપીને નુકશાન : વિશ્વ બેન્કનો ઘટસ્ફોટ

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારના નોટબંધીના નિર્ણયને કારણે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન દેશના વિકાસ દર (જીડીપી)ને ૭.૩ ટકાનું નુકશાન પહોચ્યું છે. અસંગઠિત ક્ષેત્રના વ્યવસાય માટે મહત્વના જિલ્લાઓને સૌથી વધુ નુકશાન પહોચ્યું છે. નોટબંધીના નિર્ણય બાદ ભારતીય અર્થ વ્યવસ્થાને થયેલા નુકશાન પર વિશ્વબેન્કે સમીક્ષા કરી હતી.

વિશ્વ બેન્કના રિપોર્ટ મુજબ અસંગઠિત ક્ષેત્રમાં મહત્વના જિલ્લામાં જીડીપી ગ્રોથ ૪.૭ થી ૭.૩ ટકા સુધી ઘટી ગયો છે. વિશ્વ બેન્કે આ સમીક્ષા માટે બિનપરંપરાગત માધ્યમ( સેટેલાઈટ ઈમેજ)નો ઉપયોગ કર્યો છે.આ માધ્યમ હેઠળ વિશ્વ બેન્કે એશિયામાં નેપાળના ભુંકપ,અફધાનિસ્તાનમાં તંગદીલી અને ભારતમાં મોદી સરકારના નોટબંધીના નિર્ણયને આધારે એશીયાના દેશોની અર્થવ્વવસ્થાને થયેલા નુકશાનની સમીક્ષા કરી છે.ઉલ્લેખનીય છે કે આ બિનપરંપરાગત માધ્યમમાં સમીક્ષા માટે વિશ્વ બેન્કે આર્થિક ગતિવિધિને માપવા માટે શામ અને રાત્રિના વિજળીની તીવ્રતા આર્થિક ગતિવિધિ અને વિકાસ દરનો માપવાનો માપદંડ છે કેમકે ઉર્જાની વપરાશ અને ઉત્પાદન એકબીજાથી સીધી રીતે જોડાયેલા છે.

આ સમીક્ષા માટે વિશ્વબેન્કના અધિકારીઓએ દક્ષિણ એશીયાના મહત્વના જિલ્લાના ઉર્જાની વપરાશને સેટેલાઈટ થકી મળનારી ઈમેજ(લ્યુમીનોસીટી- સાંજ અને રાત્રિના સમયે ઔધ્યોગિક વિસ્તારોની વીજળીની ચમક) ના આધારે નક્કી કરી હતી.વિશ્વ બેન્કના તમામ મુખ્ય અર્થશાસ્ત્રીઓએ આ રિપોર્ટ તૈયાર કર્યો છે.અને દક્ષિણ એશિયા તેમનુ કાર્યક્ષેત્ર છે.રિપોર્ટમાં દાવો કર્યો છે કે નોટબંધી બાદ ભારતના મુખ્ય ઔધ્યોગિક જિલ્લામાં સાંજ અને રાત્રિના સમયે સેટેલાઈટની ચમક ઘટી છે.રિપોર્ટમાં દાવો કરાયો છે કે આ ક્ષેત્રોમાં ઘટની શરુઆત નોટબંધીના નિર્ણય બાદ શરુ થઈ હતી.અને બે મહિના સુધી ચાલી હતી.સરકારી આંકડા મુજબ ભારતનો જીડીપી વર્ષ ૨૦૧૬-૧૭ ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં દર વર્ષના આધારે ૧૦.૮ ટકાથી વધીને રુ.૩૮.૫ મિલિયન સુધી પહોચી ગયો છે. જો કે વિશ્વ બેન્કે સરકારી આંકડાઓને ખોટા સાબિત કર્યા છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ભીડતંત્રને કડક હાથે ડામી દેવા સુપ્રીમ કોર્ટની કેન્દ્રને ચીમકી



દેશભરમાં બેરોકટોક જારી ટોળાઓની હિંસા પર આક્રોશ વ્યક્ત કરીને સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે ભીડતંત્રને મંજુરી ન આપી શકાય અને તેને અટકાવવા માટે સંસદમાં કાયદો બનાવવો અનિવાર્ય છે.શાંતિ સ્થાપન અને અનેકવિધતાવાદી સમાજનું રક્ષણ કરવાની જવાબદારી રાજ્યોની છે. તેમ કહીને સુપ્રીમ કોર્ટે કહ્યુ કે તે ભીડને હિંસા કરવાથી અટકાવે અને પીડીતોને યોગ્ય વળતર આપે. સુપ્રીમે આ અંગે હવે ૨૦મી ઓગષ્ટે આગળની કાર્યવાહીની સમીક્ષા કરવાની તૈયારી બતાવી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે ભીડતંત્રની ભયાનક પ્રવૃત્તિઓ રોકવા માટે નવા કાયદો બનાવવો જરુરી છે.અને તેના અંગે આકરા હાથે કામ લેવાની જરુર છે.કોઇને પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. ભય અને અરાજકતાનો માહોલ ઉભો કરનારાઓની સામે રાજ્ય કાર્યવાહી કરે. હિંસાની મંજુરી ન આપી શકાય.ઉલ્લેખનીય છે કે છેલ્લા અનેક વર્ષોમાં એવી કેટલીક ઘટનાઓ બની છે કે જ્યારે ગૌરક્ષા અને બાળક ચોરના નામે ભીડે મારામારી કરીને અનેક લોકોની હત્યા કરી નાંખી છે.૨૦૧૨થી માત્ર ગૌરક્ષાના નામે અત્યાર સુધીમાં આવી ૮૫ ઘટના બની છે.આ ઘટનામાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના જીવ ગયા છે.ગૌરક્ષાના નામે થયેલી હિંસા સબંધિત અરજી પર ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટી ડી વાય ચંદ્રચુડની બેન્ચે સુનાવણી કરી હતી.

## સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ માટે એમએસસીમાં ૫% બેઠકનો નિયમ ગેરબંધારણીય ઠરાવતી હાઇકોર્ટ : હવેથી કોલેજના વિદ્યાર્થીઓ તમામ બેઠકો પર દાવેદારી કરી શકશે

સેંટ ઝેવિયર્સ કોલેજમાંથી બીએસસી પાસ કર્યા બાદ એ જ કોલેજમાં એમએસસીમાં પ્રવેશ લેવા માંગતા વિદ્યાર્થીઓ માટે માત્ર પાંચ ટકા બેઠકો અનામત રાખવાનો ગુજરાત યુની.નો એડમિશન રુલ ૧૦.૨ હાઈકોર્ટે ગેરબંધારણીય જાહેર કરી રદ બાતલ ઠેરવતો મહત્વનો ચુકાદો આપ્યો હતો.હાઇકોર્ટના ચીફ જસ્ટીસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટીસ વી.એમ. પંચોલી ની ખંડપીઠે ચુકાદો આપતાં જણાવ્યુ હતું કે વિદ્યાર્થીઓની અરજીને અંશતઃ ગ્રાહ્ય રાખી હતી.ખંડપીઠે નોધ્યું હતું કે ગુજરાત યુની. એડમીશન રુલ્સ ૨૦૧૮(માસ્ટર ઓફ સાયંન્સ એન્ડ પી.જી ડીપ્લોમા) ૧૦.૨ બંધારણીય જોગવાઈઓથી વિપરિત, મનસ્વી અને ભેદભાવ યુક્ત છે.

આ સાથે હાઈકોર્ટે રિટને અંશતઃ ગ્રાહ્ય રાખી યુની.એ ઘડેલા નિયમને ગેરબંધારણીય ઠેરવતાં યુની. ને મોટો ફટકો પડ્યો છે. સમગ્ર મામલે અરજદાર વિદ્યાર્થીઓ મીતકુમાર પટેલ અને અન્યો વતી એડવોકેટ પરિતોષ ગુપ્તાએ રીટ પીટીશન કરીને ગુજ.યુની.ના એડમિશન માટેના ૧૦.૨ને ગેરબંધારણીય જાહેર કરવાની દાદ માંગી હતી. રિટમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે સેંટ ઝેવિયર્સમાંથી ૭૦ ટકા સાથે અરજદારોએ બીએસસી કર્યુ છે. હવે તેઓ આજ કોલેજમાં એમએસસી કરવા ઇચ્છે છે.પરંતુ ગુજ.યુની.ના નવા રુલ્સના પગલે તેમને પ્રવેશ મળી શકે તેમ નથી.સેંટ ઝેવિયર્સ કોલેજ એક સ્વાયત સંસ્થા છે.પરંતુ એ ગુજ.યુની.નોજ એક ભાગ છે.તેથી તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે આ પ્રકારનો ભેદભાવ રાખી શકે નહીં.આ નવા નિયમ મુજબ ધારો કે કોઇ કોલેજમાં એમએસસીમાં ૩૦ બેઠકો હોય તો તે પૈકી માત્ર બે જ કોલેજમાંથી પાસ થયેલા વિદ્યાર્થીને મળશે.એ પૈકી પણ એક બેઠક અનામત વર્ગના વિદ્યાર્થીને આપવાની રહેશે. બાકીની બેઠકો અન્ય કોલેજના વિદ્યાર્થીઓને મળશે.બંધારણના અનુચ્છેદ ૧૪નો આ રુલ્સના લીધે ભંગ થતો હોઇ તેને બંધારણથી વિપરિત જાહેર કરી રદબાતલ કરવો જોઇએ.

વધુમાં એવી રજુઆત પણ કરવામાં આવી હતી કે યુની.નો આ નિયમ બંધારણની વિભાવનાનો તો ભંગ કરે છે. પરંતુ તેની સાથે સાથે સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓને પણ અન્યાય કરે છે.સેન્ટ ઝેવિયર્સના અરજદાર વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની નિપક્ષ તકોના અધિકારનું પણ હનન કરે છે.જ્યારે કે અન્ય કોલેજના વિદ્યાર્થીઓ ઓછા માર્કસ લાવ્યા હોય તો પણ તેમને ઝેવિયર્સમાં પ્રવેશ મળે છે. જે મુદ્દો તદન ગેરવ્યાજબી છે. આ રુલ્સના પગલે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સાયન્સમાં સ્નાતક કરનારા વિદ્યાર્થીઓ અને યુની.સંલગ્ન અન્ય કોલેજમાંથી સ્નાતક કરનાર વિદ્યાર્થીઓ વચ્ચે ભેદ કરી દેવામાં આવ્યો છે. જે અરજદાર વિદ્યાર્થીઓના ઉજ્જવલ ભવિષ્ય સાથે પણ ચેડા સમાન છે.

## ટ્રક ટ્રાન્સપોર્ટર્સની અચોક્કસ મુદતની હડતાલથી ભારે નુકશાન

દેશભરમાં ૨૦મી જુલાઇથી અચોક્કસ મુદત માટે ટ્રક ટ્રાન્સપોર્ટર્સની હડતાલનું એલાન અપાયું છે.તેના પગલે ટ્રાન્સપોર્ટએસો.એ હાલમાં નવા બુકીંગ લેવાના બંધ કરી દીધા છે.લાંબા રુટમાં હડતાલ સુધીમાં માલ પહોચાડવો શક્ય ન હોવાના લીધે અત્યારથી જ બુંકીંગ બંધ કરી દેવાયા છે.જેથી ટ્રાન્સપોર્ટ ઉધ્યોગને મોટો ફટકો પડ્યો છે.ઉપરાતં બહારથી માલ આવવાના બંધ થઈ ગયા છે.આગામી દિવસોમાં લગભગ બધો આવરો જાવરો બંધ રહેશે.

ટ્રાન્સપોર્ટ એસો.ની વિવિધ માંગણીનું નિરાકરણ ન આવતાં નવી દિલ્હી સ્થિત ઓલ ઇન્ડીયા મોટર ટ્રાન્સપોર્ટ કોગ્રેસે સમગ્ર દેશમાં ૨૦મી જુલાઇથી અચોક્કસ મુદતની હડતાલનું એલાન આપ્યું છે.જેમાં અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.પણ જોડાવાનો નિર્ણય કર્યો છે.સમગ્ર ગુજરાતમાં ટ્રક સહિત ટ્રાન્સપોર્ટેશનના સાડા નવ લાખ વાહનો ૨૦મી જુલાઇથી બંધ થતાં ચક્કાજામની સ્થિતિ સર્જાશે. ટ્રાન્સપોર્ટ એસો.ની મુખ્ય માંગણીઓમાં ડિઝલના ભાવો અને ટોલ બેરિયસ ફ્રિ ભારતનો મુદ્દો મુખ્ય છે.કુલ પાંચ મુદ્દાનું સમાધાન ન થાય ત્યા સુધી હડતાલ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

૨૦મી જુલાઇથી હડતાલ શરુ થાય તે પહેલાંજ હડતાલની તૈયારીના ભાગરુપે બુકીગ બંધ કરી દેવાયા છે.બુકીંગ બંધ થતાં માલ-સામાનની અવરજવર અટકી જતાં અસર એક બે દિવસમાં જોવાશે. હાલમાં જે ટ્રકો રસ્તા પર છે તે ૨૦ પહેલાં માલની ડીલવરી કર્યા બાદ થંભી જશે.ઉપરાંત હાલમાં નવા માલનું બુકીંગ લેવાનુ બંધ કરી દેવાયું છે.હડતાલ વધુ ઉગ્ર બને તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે.હાલમાં જે ટ્રકો લાંબા રુટ પર દોડી રહી છે તે ૨૦ પહેલાં પહોચી જશે. જોકે હવે લાંબા અંતરની ટ્રકો નીકાળવામા આવશે નહીં. જેથી માલનું બુકીંગ બંધ કરી દેવાયું છે.

જો કે હડતાળને કારણે દેશને ભારે આર્થિક નુકશાન પહોચ્યુ છે. હજુ સુધી કોઇ સમાધાનના નક્કર પગલાં લેવાયા નથી.

## કોગ્રેસી સાંસદ શરુ થરુરની ઓફીસમાં ભાજપના કાર્યકરો દ્વારા તોડફોડ કરાઇ

ભાજપ યુવા મોરચાના કાર્યકરોએ તિરુવનંતપુરમમાં શરુ થરુરના મત વિસ્તારમાં આવેલી તેમની ઓફીસમાં તોડફોડ કરી હતી.શરુ થરુરે જણાવ્યુ હતું કે ભાજપી કાર્યકરો એ તેમની ઓફિસની દીવાલો, દરવાજા અને સાઇનબોર્ડસ પર કાળું ઓઇલ પર લગાડી દીધું હતું.ભાજપના કાર્યકરોએ તેમને જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી.થરુરે કહ્યુ હતું કે યુવા મોરચાના કાર્યકરોએ તેમની ઓફિસની બહાર કોઇ પ્રશ્નના ઉકેલ માટે આવેલા સ્થાનિક લોકોને પણ ભગાડી દીધા હતા.તેમણે ઓફિસની બહાર 'હિન્દુ-પાકિસ્તાન' ઓફિસનું બેનર મારી દીધું હતું.અને થરુર વિરુધ્ધ સુત્રો ચ્ચાર કર્યો હતો.થરુરને પાકિસ્તાન જતા રહેવાનું કહેવામાં આવ્યુ હતું.ભાજપ ૨૦૧૯માં સત્તા પર આવશે તો ભારત હિન્દુ પાકિસ્તાનમાં ફેરવાઇ જશે.તેવા કોગ્રેસ નેતાના નિવેદનના ત્રણ દિવસ બાદ આ ઘટના બની છે. જો કે ઘટના સમયે તેઓ ઓફિસમાં નહોતા..આ વિરોધ સામે સવાલ ઉઠાવતાં શરુરે સવાલ કર્યો હતો કે શું દેશના લોકો આ ઇચ્છે છે ? લોકો તેમની સમસ્યા લઇને અહીં આવ્યા હતા અને તમે તેમને ડરાવીને ભગાડી દીધા.

### જાણવા જેવું !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.

નાઇલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઇ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬માં થઇ હતી.

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.

નાઇલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઇ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે

આજે દરેક વ્યક્તિ સમૃધ્ધ થવા માટે પ્રયત્ન કરતો હોય છે.એનું કારણ એ છે કે બધા એમ વિચારે છે કે પૈસા દ્વારા બધા જ સુખ ખરીદી શકાય છે.જે માણસ સમૃધ્ધ છે,એની આસપાસ લોકો જોડાયેલા રહે છે. સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે. સમૃધ્ધિ માટે ક્યારેય કોઇને સંતોષ હોતો નથી.સમૃધ્ધિ જે પોતાની તાકાતથી મેળવી હોય, નીતિના માર્ગેથી આવી હોય તો એનો આનંદ છે.પણ સમૃધ્ધ થવા માટે ગમે તે રસ્તા અપનાવ્યા હોય તો એના પરિણામો સારા આવતાં નથી.સમૃધ્ધિ દ્વારા કહેવાતા સુખની ચીજવસ્તુઓ જ ખરીદી શકાય છે. સમૃધ્ધિમાં શાંતિ નથી. વિશાળ મકાનો,ભવ્ય હવેલીઓ,ઊંચા ઊંચા મહેલો, ગાડીઓ અને નોકર-ચાકરનો જમેલો એ બધું જ સમૃધ્ધિ દ્વારા થાય છે.તમે તમારો સામાજિક મોભ્ભો બતાવી શકો છો. પણ આપણે જેને સાચા અર્થમાં સુખ કહીએ છીએ, એ એમાંથી મળતું નથી.નકામી સમૃધ્ધિ તો નકામી વસ્તુઓ ખરીદે છે.આપણે જાણીએ છીએ ખે સમૃધ્ધિથી બધું જ શક્ય બને છે,પણ એકલી સમૃધ્ધિ જ જીવન નથી. છતાંય કહેવું હોય તો કહી શકાય કે,સમૃધ્ધિ જ બધાના હિતમાં-સબંધોમાં જીવન ઉપયોગી છે જ.

સમૃધ્ધિ - સ્ત્રી(સં)આબાદી,ઓશ્વર્ય,સંપત્તિ,જાહેજલાલી વગેરે અર્થ થાય છે.જે માણસની કોઇ જ પ્રતિષ્ઠા ન હોય,એવો માણસ જો સમૃધ્ધ હોય તો સમાજમાં એની ગણના થવા માંડે છે.સમૃધ્ધિ આદર અપાવે છે.સમૃધ્ધિથી અંધકારવાલા સ્થાનોમાં અજવાસ આવી જાય છે.માણસના ચહેરા પર લાલી છવાય છે.પણ જે માણસ સચ્ચાઇના માર્ગે સમૃધ્ધ થાય છે એની સમૃધ્ધિ પેઢી દર પેઢી ટકી રહે છે.સંત તિરુવલ્લુવરે કહ્યું છે : ‘ નીતિને માર્ગે રહી જેણે ખુબ ધન એકઠું કર્યુ હોય છે તેને જીવનના બે પુરુષાર્થ ધર્મ અને કામ સહજ પ્રાપ્ત થાય છે.‘સમૃધ્ધિ શુધ્ધ સાધનો દ્વારા પ્રાપ્ત થાય તો ધર્મ અને સુખ પ્રાપ્ત થાય છે.બીજાને ચુસીને,મારી-કાપીને મેળવેલી સમૃધ્ધિ લાંબો સમય ટકતી નથી અથવા જે માર્ગેથી આવે છે ,એ જ માર્ગે પાછી જાય છે.ખુબ સમૃધ્ધ બનો અને નીતિના માર્ગે એનો ઉપયોગ કરો. એ રીતે મેળવેલી સમૃધ્ધિ અવિચળ જ્યોતિરૂપ હોય છે.આપણે સમાજમાં ઘણા દાખલા જોયા છે કે આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જતો હોય છે. એનું કારણ એટલું જ કે એની સમૃધ્ધિ કોઇ અનીતિના માર્ગે આવેલી હોય છે. લક્ષ્મી ચંચળ છે, એને પણ નીતિનો માર્ગ પસંદ છે. અનીતિનો માર્ગ અતિ ટુંકો હોય છે.

અથર્વવેદમાં કહ્યું છે : ‘તેલની માલિસ, સુગંધ, સોનું,શરીરનું તેજ, એ બધાંજ સમૃધ્ધિના લક્ષણ છે. ‘આપણે કેટલાંક લોકોને જોઇએ છીએ કે ,હાથની આંગળીઓ,હાથનું કડું,ગળામાં સોનાના દોરા લટકતા હોય છે.એમાં જોઇએ તો સમાજમાં બે પ્રકારના માણસો જોવા મળે છે.એક, જે છે તે બીજાને બતાવવા માટેનું પ્રદર્શન કરનારા, બે, જે છે તે ગુપ્ત રાખનારા. જેનામાં આછકલાઇ છે, જેનામાં જીવન-સમજનું ઊંડાણ નથી, જે સંજોગોવસાત રાતોરાત ધનપતિ થઇ ગયા છે, એમને પોતાની સમૃધ્ધિ બતાવવાનો અભરખો હોય છે.એથી એ પ્રદર્શન કરતાં હોય છે.જે ગર્ભ-સમૃધ્ધ હોય છે, એ તો હોય જ છે. એમને પ્રદર્શનની જરૂર ખરી ?સમૃધ્ધિ આવે એની સાથે સદાચાર આવે એ જરૂરી છે. આમ તો કહેવાય કે, સમૃધ્ધિ દુષણોને આમંત્રણ આપે છે.મહેનત વગરની સમૃધ્ધિ માણસને છાકટા બનાવી દે છે.જેની પાસે સમજ ના હોય, એ સમૃધ્ધિનો ભયંકર દુરપયોગ કરીને પોતાનો વિનાશ નોતરતો હોય છે. અનેક પ્રકારના અવળા માર્ગે ચડી જતો હોય છે. આપણે આગળ કહ્યું એમ, એક બીજી વાત પણ દીવા જેવી છે કે, સમૃધ્ધિ જ માનપાન અપાવે છે. તમે કેવા માર્ગેથી ધન-દોલત મેળવી છે એમાં કોઇ પડતું નથી. પણ તમારી પાસે છે,એનું જ મહત્વ બની રહે છે. કોઇએ સાચું કહ્યું છે કે સમૃધ્ધિ ખોરાક લાવી શકે, ભુખ નહી, દવા લાવી શકે, આરોગ્ય નહી,મોજમજા લાવી શકે,પણ શાંતિ અને સ્વસ્થતા નહીં. સમૃધ્ધિ તો દરિયો છે એમાં તરતાં શીખવું જોઇએ, નહીતર આપણી સચ્ચાઇ અને ઇજ્જત બંને એમાં ડુબી શકે છે. ગેટેએ સારી વાત કરી છે. ‘ અચાનક અને અતિ ઝડપે ભેગું કરેલું ધન ઘડીકમાં ચાલ્યું જાય છે, જ્યારે ક્રમિક રીતે આવેલું ધન વધતું જાય છે. ‘જેની પાસે સમૃધ્ધિ છે, પણ ઉદારતા નથી એ સાચો ભિખારી છે.

આપણે આગળ કહ્યું કે ધન એ સુખ નથી. ઓશો રજનીશે પણ એજ વાત કરી છે.ભૌતિક સંપત્તિનો ચળકાટ ખોટો છે.તમારી પાસે હીરા મોતી જડેલો પલંગ હોય, પરંતુ ઊંધ ન આવતી હોય તો ?તમારી સમક્ષ બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન પીરસેલાં પડ્યા હોય,પરંતુ ભુખ ન લાગતી હોય તો ? ઊંધ લાવી શકે તેવો પલંગ કે ભુખ લાવી શકે એવો ભોજનથાળ આ દુનિયામાં હજી બન્યા નથી.આપણે ધનના વિરોધી નથી, પણ ધન જ જગતનું સર્વસ્વ છે એવું નથી. સમૃધ્ધિ હોય તો ઉદાર દિલ પણ જોઇએ.જે આપે છે,એનાથી નાશ થતો નથી.એક સુભાષિત છે :’આપવાથી ધનનો નાશ થાય છે, એમ તુ કોઇ કાળે પણ માનીશ નહીં,જુઓ, કુવા,બગીચા,ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે તેમ તેમ તેમની સંપદા વૃધ્ધિ પામે છે.‘ સમૃધ્ધિથી માણસને સન્માન મળે છે.તમે ક્યા માર્ગે ધન કમાયા છો એની કોઇ ચિંતા કરતું નથી. જે સમૃધ્ધ છે એ ડાહ્યો છે, વિદ્વાન છે, સજ્જન છે. એ રીતે એની સમૃધ્ધિમાં જ બધા જ અવગુણો ગુણ બની જાય છે. કાલિદાસે રઘુવંશમાં પણ કહ્યું છે કે ‘જેમાં પાણી ભરાયેલું છે એવા જ વાદળોનું સ્વાગત ચાતક કરે છે. ‘ સમૃધ્ધિમાં યશ અને કિર્તી સમાયેલાં છે. ડૉ.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# લેભાગુ સી.એ.ની જાળ : કમિશનના બદલામાં રિફંડનું વચન

ટેક્સ રિટર્ન ભરવા માટે ૩૧મી જુલાઇની છેલ્લી તારીખ નજદીકમાં છે. ત્યારે કેટલાક કરદાતાઓને આંકડાના ગોટાળા કરીને કમાણીની તક દેખાય છે.પોતાની જાતને સીએ તરીકે ઓળખાવતાં લેભાગુ લોકો કરદાતાઓને જંગી રિફંડ અપાવવાનું વચન આપે છે. અને તેના બદલામાં ૧૫ ટકા કમિશન કાપે છે.આવા લેભાગું સી.એ. કરદાતાના રિર્ટનમાં ખોટી આવક દર્શાવે છે.જેથી રુ.૫૦,૦૦૦ રુપીયાથી લઇને ૨ લાખ સુધીનું રિફંડ મળે છે.તેઓ વ્યક્તિની કરપાત્ર આવકને ઓછી દર્શાવે છે.અથવા ચોક્કસ કરકપાત(ડિડકશન) કે કરમુક્તિ ક્લેમ કરે છે.આ સરળ છે.કારણે કે ટેક્સ રિટર્નમાં ડિડક્શન કે એકઝેમ્પશનનો ક્લેમ કરવા માટે કોઇ ડોક્યુમેન્ટની જરુર પડતી નથી.

મુંબઇ સ્થિતિ એક સી.એ.એ જણાવ્યુ હતું કે કરદાતા,મેડિકલ,વીમો,હોમ લોન,એજ્યુકેશન લોન અથવા પોતાની વિકલાંગતા અથવા આશ્રિતની વિકલાંગતાનો ક્લેમ કરીને ટેક્સ રાહત ક્લેમ કરી શકે છે.જેમાં કોઇ પુરાવા આપવાના રહેતા નથી.આ માટે લેભાગુ સી.એ. રિફંડના ૧૦ થી ૧૫ ટકા નાણાં કમિશન પેટે ચાર્જ કરે છે.હજારો કરદાતાઓએ આવા લોકો દ્વારા રિટર્ન ફાઇલ કરી દીધા છે.અને રિફંડ ક્લેમ કર્યો હશે. તેમણે માત્ર ફોર્મ ૧૬,આધાર અને બેન્ક ખાતા નંબર આપીને રિટર્ન ભરવાનું હોય છે.ઈટીએ આવા એક સીએને ફોર્મ ૧૬ અને બીજી વિગત આપી હતી.પાંચ દિવસની અંદર તેણે રિટર્ન ફાઇલ કરી દીધું હતું.જેમાં કરદાતાની આવક રુ.૧.૯૦ લાખ ઓછી દર્શાવી હતી.તેના આધારે રુ.૫૦,૦૦૦નો રિફંડનો ક્લેમ પણ કરવામાં આવ્યો હતો.ટેક્સ રિટર્નમાં દર્શાવાયેલી ગ્રોસ ઈન્કમ ફોર્મ ૧૬ના આંકડા કરતાં કઇ રીતે ઓછી હોઇ શકે તે પુછવામાં આવતાં તેણે કહ્યુહતું કે તેણે કેટલાંક એલાઉન્સને ધ્યાનમાં લીધા હતા જે સેકસન ૧૦ હેઠળ કરકપાતને પાત્ર છે.પરંતુ ફોર્મ ૧૬માં તેનો ઉલ્લેખ નથી. જો કે ટેક્સ નિષ્ણાંતોએ ચેતવણી આપે છે કે રિટર્નું એસેસમેન્ટ થાય ત્યારે આ વિસંગતતા પકડાઇ શકે છે.અત્યાર સુધી વ્યક્તિના ફોર્મ ૨૬એએસમાં ટીડીએસની વિગત આઇટી રિટર્નમાં દર્સાવેલા ટેક્સ સાથે સુસંગત કરવામાં આવતી હતી.હવે ટેક્સ સત્તાવાળાઓ ફોર્મ ૧૬ ચેક કરીને રિટર્નમાં દર્શાવેલી આવક સાથે તેની ચકાસણી કરે છે.તાજેતરમાં બેગલુરમાં આ રીતે ટેક્સ રિફંડ મેળવવાનું કૌભાંડ પકડાયું છે.

# મોબ લીંચીગની ઘટનાઓ સામે અમદાવાદીઓનો આકરો વિરોધ

ગુજરાત સહિત દેશભરમાં ૬૮ થી વધુ નિર્દોષ નાગરિકોના જીવ હિંસક ટોળા દ્વારા લેવામાં આવ્યા છે.મોબ લિચીંગની ઘટનાઓ પછી પણ રાજ્ય અને કેન્દ્રની સરકારો બહેરી,બોબડી અને આંધળી હોય તેવું વલણ પ્રદર્શિત કરી રહી છે.તેવા આક્ષેપો અમદાવાદના અનેક કર્મશીલોએ શિવરંજની સામે જન જાગ્રતિ અને સરકાર સામે માંગણીઓના પોસ્ટર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

અનેક સ્વેચ્છીક સંગઠનો દ્વારા આયોજીત આ પ્રદર્શનને અમદાવાદની પોલીસ મંજુરી આપવાનું ટાળ્યુ હતું.અમદાવાદમાં ધોળે દિવસે ભિક્ષુક મહિલાને હિંસક ટોળાએ મોતને ઘાટ ઉતાર્યા બાદ અવાર નવાર અનેક નાગરિકો ભીડની શારીરીક,માનસિક હિંસાનો શિકાર બની રહ્યા છે. તેમના રક્ષણમાં પોલીસ અને તેના પર નિયંત્રણ ધરાવતી સરકાર શુન્યમનસ્ક છે.તેઓ આક્રોષ કર્મશીલો,બુધ્ધિજીવીઓએ ઠાલવ્યો હતો. સ્વામી અગ્નિવેશ ઉપર હિંસક ટોળાએ હુમલો કર્યો એ દર્શાવે છે કે ટોળાની હિંસા ફક્ત વોટ્સએપની અફવા પુરતી સીમીત નથી.તેથી આગળ વધીને કોઇ વ્યક્તિનો અભિગમ કે વિચારસરણી આવા ટોળાથી અલગ હોય તેમને પણ નિશાન બનાવે છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.